Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમ અને વર્તમાન કર્મશીલોની કાર્યપ્રણાલીઃ એક અધ્યયન

**અશોક.આર.પુનડીયા**
સંશોધક- વિદ્યાવાચસ્પતિ ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, ગ્રામીણ પરિસર-રાંધેજા- ગાંધીનગર (ગુજરાત)
punadiyaashok156@gmail.com

**ડૉ. લોકેશ જૈન પ્રોફેસર**
માર્ગદર્શક
ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, ગ્રામીણ પરિસર-રાંધેજા- ગાંધીનગર (ગુજરાત) lokeshcsrm@yahoo.co.in

***સારાંશ***

*મહાત્મા ગાંધીજીના વિકાસલક્ષી વિચારોની પ્રસ્તુતતા ત્યારે સિદ્ધ થતી જણાય છે જ્યારે આજના ભૌતિકતાવાદી પ્રવાહમાં પણ ભારતના વડા પ્રધાન આત્મનિર્ભર ભારત કે આત્મનિર્ભર ગામ જેવી યોજનાઓને મૂકવા માટે પહેલ કરી રહ્યા છે અને ખરા વિકાસ માટે તેને અનિવાર્ય માની રહ્યા છે. અગાઉ પણ સ્વચ્છ ભારતની મુહિમમાં ગાંધીજીનો ચશ્મો તેમના વિચારોની અસરકારકતા પુરવાર કરતો જણાય છે. પૂજ્ય મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત રાષ્ટ્રનિર્માણની શૈક્ષિક સંસ્થા- ગૂજરાત વિદ્યાપીઠના નેતૃત્વ હેઠળ ગ્રામશિલ્પી પરિયોજનાનો ઘડતર થયો જેમાં વિદ્યાપીઠ સ્નાતક અને અનુસ્નાતક યુવાનો આંતરિયાણ વિસ્તારના ગામોમાં બેસી રચનાત્મક કાર્યો થકી લોક વિકાસના કામો કરી રહ્યા છે અને તેઓ પોતાની કાર્યશૈલીમાં ગાંધીવિચારસરણીને આવરી લે છે. અહિ ગાંધીજીના વિચારોની વર્તમાન પ્રસ્તુતતાને સમજવા માટે આપણી સમક્ષ ગ્રામશિલ્પી મુસ્તાકભાઈની કામગીરીનું વિશ્લેષણાત્મક અધ્યયન (કેસ અભ્યાસ) રજૂ કરવામાં આવે છે જે સંપોષિત વિકાસ ધ્યેય સિદ્ધિની દિશામાં પૂરક બને છે.*

***કુંજી શબ્દ-*** *ગાંધી વિચાર, સંપોષિત વિકાસ, રચનાત્મક કાર્યક્રમ અને ગ્રામશિલ્પી*

ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમની સ્વતંત્ર હસ્તી છે. મહાત્માના કાર્યક્રમનુ મુલ્ય વધુ ને વધુ સ્પષ્ટ થતુ જાય છે. આ 'રચનાત્મક કાર્યક્રમ' એ કોઇ તત્કાલીન સમસ્યાઓના ઉકેલ માટે કામચલાઉ કાર્યક્રમ નથી. રચનાત્મક કાર્યક્રમ એ જ તેમની દરેક વ્યક્તિના હૃદયમાં સદાય જીવંત રહે તેવી સ્મૂતિ છે. આ દૃષ્ટિએ ગાંધીજીના જીવનપ્રસંગો કરતા તેમના કાર્યક્રમો સ્વતંત્ર અભ્યાસ વિશેષ ઉપયોગી છે. રચનાત્મક કાર્યક્રમમાં ખંડનને બદલે રચના પર ભાર છે. વિઘટન કે વિનાશને બદલે સર્જન કે નવરચનાની પ્રક્રિયા એવી રીતે થાય છે કે જૂની વ્યવસ્થાને વિઘટન તેમાં આપોઆપ થાય છે ગાંધીજીની કાર્યપદ્ધતિની આ ખૂબી એ કોઇ પણ સામાજિક ક્રાંતિના ઇતિહાસમાં અપૂર્વ છે.

રચનાત્મક કાર્યક્રમને ગાંધીજીએ સત્યાગ્રહનો પર્યાય કહ્યો હતો. એટલે કે સમાજ પરરિવર્તનના સહુ વિધાયકો જો હ્રદયપૂર્વક રચનાત્મક કાર્યક્રમનો અમલ કરે તો અન્યાય નિવારણ માટે શાંતિમય અહિંસક પ્રતિકાર કરવાની જરૂર પણ ઊભી ન થાય. અહિંસક પરિવર્તનની પ્રક્રિયામાં જો કે સત્યાગ્રહનું સ્થાન સ્વીકારવામાં આવ્યું છે. પણ જો રચનાત્મક કાર્યક્રમનો વ્યાપક સ્વીકાર થાય તો સત્યાગ્રહનો આશરો લેવાના પ્રસંગો કવચિત જ રહે. આમ કહેવાનો ઉદ્દેશ સત્યાગ્રહનો બાધ કરવાનો નથી. સત્યાગ્રહ નો ઉદ્દેશ અહિંસક સમાજરચના કરવાનો છે. આ ઉદેશ રચનાત્મક કાર્યક્રમને વ્યાપક રીતે અપનાવવાથી અસહકાર રીતે પાર પડી શકે એમ છે. આ કાર્યક્રમ એકી સાથે વ્યક્તિગત અને સામાજિક બંને ક્ષેત્રોમાં અમલ માં આવી શકે એવો છે બલકે તેની અમલની પ્રક્રિયા વ્યક્તિના જીવનથી જ થાય છે.

ગાંધીજીના જીવનના અભ્યાસુ સમક્ષ એક વાત સહેજે તરી આવે છે કે પ્રારંભથી જે તેઓ ગુણગ્રાહી હતા. સમય જતા એના અનુશીલ ને એ મૂલ્યો સુદ્રઢ થયા અને એમના જીવનમાં ચિરંજીવી સ્થાન પામ્યાં. કેટલાક માઠા પ્રસંગો પણ એમના જીવનમાં જરૂર આવ્યા. પણ એ સર્પની કાસળીની જેમ અસ્થાયી અસર

ઉપજાવી નીકળી ગયા. સમષ્ટિના હિત ખાતર વ્યક્તિ પોતાનું હિત જતું કરે તો એ આપભોગ અને સંયમમાંથી પ્રગટતી આત્મશક્તિ એની નૈતિક શક્તિ વધારે છે. ગાંધીજીની આ વિચારસરણી એમના વ્યક્તિઘડતરનું રહસ્ય પણ પ્રગટ કરે છે.

સત્યાગ્રહ સંકેત લીધા પછી ગાંધીજી એ રચનાત્મક પ્રવૃત્તિ તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. બંગભંગના સમયથી કોગ્રેસે લોકો સામે સ્વદેશી પ્રચાર અને બ્રિટીશ માલના બહિષ્કારની સત્યાગ્રહ સંકેલી લીધા પછી ગાંધીજી એ રચનાત્મક પ્રવુતિ તરફ વધુ વાત પ્રજા સમક્ષ મૂકી હતી. લોકમાન્ય તિળકે મુંબઇ ઇલાકામાં એની જોરદાર ઝુંબેશ ઉપાડી હતી. પણ બ્રિટીશ માલના બહિષ્કારમાં અંગ્રેજો પ્રત્યે જે તિરસ્કારની લાગણી સમાયેલી હતી તે ગાંધીજીની અહિસક કાર્યપદ્ધતિને માફક ન આવી.

**ગાંધીજીની રચનાત્મક કાર્યક્રમ પાછળ ની સોચ,કાલે,આજે અને આવતીકાલે:**

**(સમ્પોષિત ગ્રામવિકાસના સંદર્ભે રચનાત્મક કાર્યક્રમોની વર્તમાન પ્રાસંગિકતા)**

ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો એ ગામડાને બેઠા કરવા અને સ્વાલંબન થાય તે હેતુ માટે તેઓ ગઈ કાલે રચનાત્મક કાર્યક્રમો કરતા હતા. તેમના રચનાત્મક કાયક્રમો દ્વારા ગઈ કાલે એ ગામડાઓને ઉધોગ અને સ્વાલંબન કરવાનો હેતુ હતો ગાંધીજી ના જે કાર્યક્રમો ગાંધીજી દ્વારા રચનાત્મક રીતે ગઈ કાલે મોટા પાયે કરવા માં આવ્યા હતા. જેને અનુસરીને ચાલીયે તો ગામડાઓ માં બેરોજગારી ઓ નું પ્રમાણ ઓછા પ્રમાણમાં જોવા મળતું હોત.

જે ગતિથી રચનાત્મક કાર્યક્રમ ચાલતા તેજ ગતિ થી ચાલે તો ગામડાઓ સ્વાલંબન બને અને બેરોજગાર લોકો ઓછા જોવા મળે ગામડામાં પ્રેમ શાંતિ વિવેક વગેરે ગામડામાં જોવા મળે છે. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોમાં દરેક વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસને પૂરો અવકાશ છે. એમાં અહિસા ઓતપ્રોત છે. એમાં શોષણ ને અવકાશ નથી. હિંદની વિકેન્દ્રિત ગ્રામઅર્થરચના ને પુનર્જીવીત કરવા એમણે ખાદી અને ગ્રામોધોગો આપ્યા પણ આજની યુવા પેઢીમાં આ બધુ જોઈતા પ્રમાણે ઓછું જોવા મળતું આવે છે. બાપુએ એ સમયમાં રચનાત્મક કાર્યક્રમ એ ગામડાના ઉત્થાન અને રોજગારી મળી રહે તેવા હેતુથી કર્યા હતા .આઝાદીની લડત દરમિયાન ગાંધીજીએ ગામડાને બેઠા કરવા માટે નવયુવાનો તૈયાર કરી ગામડાં બેઠા કરવાના હતા. જો ગામડું સધ્ધર જ હશે તો દેશ પણ સધ્ધર જ હશે. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો માટે અનેક પ્રવૃતિઓ હાથધરી હતી. તે કામો હાલની નવી પેઢીમાં જોઈતા પ્રમાણે અમલ અને ગામડા ને ઉભા કરવા માં અમુક અંશે જ કર્મશીલો એ ગામડામાં બેસીને કામ કરતા જોવા મળે છે જે બાપુના સમયે વધારે પ્રમાણે હતા. જે પ્રમાણે ગાંધીજીના રચનાત્મક કાર્યો ચાલતા એ હાલના સમય પ્રમાણે તેટલી ગતિથી ચાલતા ઓછા પ્રમાંણ માં જોવા મળતા આવે છે. જે તે સમયના કાર્યનો વિકાસ થતો એ હાલના કાર્યમાં પુરતા પ્રમાણે થતો ઓછો જોવા મળતો આવે છે

. આવતીકાલે રચનાત્મક કાર્યો એ બાપુના પ્રયાસો દ્વારા કર્મશીલો તૈયાર કરવાના હેતુ થી કરવામાં આવ્યા હતા. જે વિનોબા ભાવે, જુગતરામ દવે, બબલભાઈ મહેતા, કાકાસાહેબ કાલેલકર, રવિશંકર મહારાજ જેવા લોકસેવકો એ બાપુના રચનાત્મક કાર્યો ને મોટા પ્રમાણમાં ઉજાગર કરવાના કામો કર્યા છે. જેના દ્વારા ગામડાના ઉત્થાન થતા જોવા મળતા આવ્યા છે. નવીપેઢી માટે રચનાત્મક કાર્યો નું નિર્માણ જે બાપુના સમયમના અનુયાયીઓ દ્વારા થતા હતા. તેમાં થી હાલની નવી પેઢીમાં તે રચનાત્મક કાર્યો સાવ નહીવત પ્રમાણ માં જોવા મળતા આવતા હોય છે. જે તે સમય માં રચનાત્મક કાર્યક્રમો ચાલતાએ નવી પેઢીમાં ચાલતા એ પ્રમાણે જોવા મળતા આવે તો બેરોજગારી અને સ્વાલંબનતા એ ગામડાઓ માં ઓછા પ્રમાણમાં જોવા મળતી આવતી હોત.

**રચનાત્મક કાર્યક્રમનું સ્વરૂપ**

રચનાત્મક કાર્યક્રમ નું સ્વરૂપ એ ગામડાને બેઠા કરવાનું હતું. અહિસક ક્રાંતિની પ્રકિયાની શોધમાંથી રચનાત્મક કાર્યક્રમનો જન્મ થયો. સમગ્ર રાષ્ટ્ર ઠેઠ પાયામાં થી ઘડતર કરી સત્ય અને અહિસાને માર્ગે સ્વરાજ મેળવવા

રચનાત્મક કાર્યક્રમ જુદા-જુદા અંગો કાર્યકરો અને દેશવાસીઓ સમક્ષ ગાંધીજીએ મુક્યા અને જણાવ્યું કે રાષ્ટ્રની આગળ આની અવેજીમાં મૂકવાને બીજો કાર્યક્રમ મારી પાસે નથી, અહિસક સમાજ રચવા માટે એમણે રજુ કરેલો એક પાયાનો સિદ્ધાંત વિકેન્દ્રીકરણ એ અમલી સ્વરૂપ છે. સત્યાગ્રહીની તાલીમનું એ આવશ્યક અંગ છે.ગામડા બેઠા થાય બધા લોકો સ્વાલંબન થાય અને ગામડામાં ઉધોગો અને બેરોજગાર લોકો રહે નહિ. આજીવિકા જરૂર થાય પરસ્પ પ્રેમ શાંતિ રહે તેવા હેતુ થી રચનાત્મક કાર્યક્રમ કરવામાં આવ્યા હતા.

**સમ્પોષિત વિકાસલક્ષી વ્યવસ્થામાં કર્મશીલ નેતૃત્વ અભિગમઃ સૈદ્ધાન્તિક ઐતિહાસિક સમજ. (ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોમાં શ્રધ્ધા બતાવનાર કર્મશીલો)**

ગાંધીજીના સમકાલીન તેમના અનુયાયી જે રચનાત્મક કાર્યક્રમ થકી સમ્પોષિત ગ્રામ વિકાસમાં શ્રદ્ધા ધરવતા હતા. તેમાં વિનોબા ભાવે, બબલભાઈ મહેતા, જુગતરામ દવે, કાકા કાલેલકર જેવા મહાન વ્યક્તિઓ હતા. અને ગૂજરાત વિદ્યાપીઠ જેવી રાષ્ટ્ર નિર્માણની સંસ્થામાં તૈયાર થયેલ તેમજ ગાંધીજીના જીવંત સંપર્કમાં આવેલ કર્મશીલોએ ગામડાને બેઠા કરવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું તેમાં નારાયણભાઈ દેસાઈ,ગોવિંદભાઈ રાવલ, વગેરે. આજ વિચાર આપણી વિદ્યાપીઠ ના યુવાનો સાથે નવઘડતરનો પ્રયોગ કરી ગ્રામશિલ્પીનો ખ્યાલ ૨૦૦૭ માં અમલી બનાવ્યો જેમાં નોંધપાત્ર ફાળો આપનાર યુવા કર્મશીલો ખીલીને બહાર આવ્યા તેનું પ્રદાન સમાજ ઉત્થાનમાં દેખાઈ રહ્યું છે.

ગુજરાત રાજ્યના બનાસકાંઠા જીલ્લાના અમીરગઢ તાલુકાના ખાટીસીતરામાં કામ કરતા કર્મશીલ શ્રી મુસ્તુખાનભાઈ રચનાત્મક કાર્યક્રમની કસૌટીએ તેમની કામગીરીની અસરકારકતા (વ્યક્તિ અભ્યાસ આધારિત વિશ્લેષણ)

ગ્રામ વિકાસ જુદા જુદા અભિગમ આઝાદી પહેલા અને આઝાદી પછી અસ્તિત્વમાં આવ્યા પણ અમુક સારા પ્રયાસો વિસ્તાર અને વ્યક્તિ પૂરતા મર્યાદિત રહી ગયા અમુક આંકડાકીય લક્ષ્યાંક આધારિત થઇ ગયા એમાંથી ક્યાંક સંકલિત પરિણામ મળ્યું ન હતું. હવે આ બધાથી સાવ જુદી રીતે આવા કર્મશીલો જે પ્રયાસો જે રીતે કરી રહ્યા છે તેની સમજવાની જરૂર છે અને તેને વૃધ્ધ સમાજ સામે લાવાની તથા ગ્રામ વિકાસમાં આ સમ્પોષિત વિચારધારાની સામાન્યીકરણ કરવાની ખુબજ જરૂરિયાત છેં.

સંશોધન પદ્ધતિ

ઉપરોક્ત સંશોધન સમસ્યા ઉપર કામ કરવા માટે મેં વર્તમાન કર્મશીલનો વ્યક્તિગત અભ્યાસ કરવાનું નક્કી કર્યું છે જેથી ગ્રામ વિકાસ માં આ નોખી અવધારણાને સારી રીતે સમજી શકાય. આ ક્રમમાં મેં ઉત્તર ગુજરાતના આદિવાસી વિસ્તારના અમીરગઢ તાલુકાના ખાટીસીતરા ગામમાં જઈને તેમના સાથે રહીને, તેઓએ આગળ આવીને વિકાસની કામગરી ૨૦૧૨ થી કરે છે. એમાં એમના દ્વારા કરેલ કાર્યો તેમના અપનાવેલ વિશિષ્ટ પ્રવુતિ તથા તેની સ્થાયી અસરો વિષે સમાજ કેળવવામાં આવશે. એના માટે તેમના સાથે થોડાક સમય સાથે રહીને ખાટીસીતરા માં આસપાસ ના ગામડા અને ગામ લોકો સાથે સંવાદ કરીને અને નિરિક્ષણ કરી સંશોધન વિષયવસ્તુ અંગે માહિતગાર થયો.

**સંશોધન વિસ્તારવિશે**

અમીરગઢ તાલુકો પછાત આદિવાસી વિસ્તાર છે. અને ખાટીસીતરા ગામ ઉપલાઘોડા ૫ કિમી અરવલ્લી ની પહાડી પર આવેલ હોવાથી છેવાડાનો વિસ્તાર કહી શકાય તેમ છે. ત્યાં સુધી તથા કઠીન વિકાસ છાંટાઓ હજી સુધી પડ્યા ન હતા. કર્મશીલ મુસ્તુખાનભાઈ તેના કાર્યો કાર્યશેલી અને કાર્યકરવામાં પડેલી અવગડો અને તેના સામે ની કાર્યપદ્ધતિ લોકલક્ષી પરિણામો જોવા મળ્યા છે

**મુસ્તુખાનભાઈ ની સામાજિક-શૈક્ષણિક પરિવેશ કર્મશીલ પ્રત્યેની સોચ.**

મુસ્તુખાનભાઇ લોકભારતી સણોસરા થી બી.આર.એસ સ્નાતક થયા છે ત્યાં બાદ ઉચ્ચ અભ્યાસ માટે ગૂજરાત વિદ્યાપીઠ માં થી એમ.એસ.ડબ્લ્યુ સમાજ સેવાનો અભ્યાસ સાથે અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કર્યો મુસ્તુખાનભાઇ વિદ્યાપીઠ માં રહીને ગાંધી વિચારથી પ્રેરાઈને સેવાકીય પ્રવૃત્તિ માટે સફાઈ

વિદ્યાલય ગાંધી આશ્રમ ૨ વર્ષ નોકરી કર્યા પછી ત્યાં થી ગાંધી વિચાર ના રંગે રંગીને નોકરી છોડીને બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના અંતરિયાળ અને પર્વતોની ઘેરાયેલ ગામ એટલે ખાટીસીતરા ગામમાં આવીને આ ગામને કર્મભૂમી બનાવી જેઓ લોકભારતી સણોસરા અને વિદ્યાપીઠ માં થી ગાંધી વિચારના રંગે રંગાઈને આદિવાસીના ઉત્થાન માટે ખાટીસીતરા અને આજુ બાજુ ના ગામો માં કામ કરે છે.

**ગાંધી વિચારના અનુયાયી કર્માંશીલનો અભિગમ અને કાર્યો મુસ્તુખાનભાઈ સુખ**

ગુજરાતનમાં અરવલ્લીના પર્વતો વચ્ચે આવેલ ખાટીસીતરા ગામ આવેલ અમીરગઢ થી ૩૦ કિમી દુર ખાટીસીતરા ગામ જ્યાં મુસ્તુખાનભાઈ દ્વારા ૨૦૧૨ થી ગાંધી વિચારને લઈને ખાટીસીતરા ગામમાં કર્મશીલ તરીકે બેઠા અને ખાટીસીતરા ગામના ઉત્થાન માટે કામ કરે છે જેઓને શરુઆતમાં ગામમાં પ્રવૃતિ કરવામાં ગામના લોકોનો પુરતો સાથ સહકાર મળતો ન હતો. જેમ જેમ ગામમાં લોકો સાથે કામ કરતા થયા તેમ તેમ અને લોકો સાથે સ્નેહ સબંધ માં આવતા ગયા અને લોકોના વચ્ચે રહીને કામ કરતા થયા તેમ તેમ લોકોના દિલમાં ઉતરતા ગયા ગામના લોકોમાં વિશ્વાસ આવ્યો તેમ તેમ ખાટીસીતરા ગામ ના લોકો દ્વારા ગામમાં જ રહેવા માટે જમીન આપી ત્યાં રહેવા માટે મકાન બનાવી આપ્યું. અને બીજા આજુ બાજુના ૧૦ એક ગામમાં શરુઆતમાં પ્રવૃતિ કરતા થયા જેવા કે ખાટીસીતરા ,ગાંજી,ઉપલાઘોડા,વગેરે જેવા ગામોમાં તેમની સાથે રહીને એક માસ સુધી કામ કરવા નું થયું. ખાસીતરા ઉપર જવા માટે પગ દંડી રસ્તો હતો ત્યાં બાદ મુસ્તુખાનભાઈ અને ગામના લોકે એ મળી ને સરકારનો એક પણ પૈસો લીધા વિના બાઈક અને ગાડી જી સકે તેવો રસ્તો બનાવ્યો અને એ તે વિસ્તારમાં શિક્ષણ,પાણી,જંગલ,આરોગ્ય અને છાત્રાલય વગેરે પ્રવૃતિ ને લઈને લોકોના હિત માટે ગાંધીજી ના રચનાત્મક કામોને લઈને આદિવાસી વિસ્તારમાં નીશાર્થ ભાવે સેવા કરતા જોવા મળે છે. શરૂઆતમાં તેઓ એક બાવળના ઝાડ નીચે બેસીને બાળકો સાથે પ્રવૃત્તિ કરતા લોકોનો માર પણ સહન કર્યો છે . અમુક લોકો એમ પણ કહે આ શું કરશે અને અમુક સાથ સહકાર આપીને સાથે કામ પણ કરતા જે પરીસ્થિતિ પહેલા શરૂઆતમાં હતી તે હાલ ના સમયમાં નથી તેઓ ખાટીસીતરા આજુ બાજુના ગામો માં લોકો ને રોજગારી માટે ગૃહઉદ્યોગ, ખેતી માટે સહાય વગેરે પ્રવૃત્તિ કર્મશીલ તરીકે કરતા જોવા મળતા આવ્યા છે. કર્મશીલ મુસ્તીખાનભાઈ દ્વારા ખાટીસીતરા અને તેના આજુ બાજુના ગામોમાં ખેડૂતો,યુવાનો, સાથે રહીને યુવા પેઢીને સાથે લઈને ગાંધીજી ના રચનાત્મક કામો કરે છે. આરોગ્યલક્ષી, શિક્ષણલક્ષી જંગલ બચાઓ અભીયાન ઉપર લોક જાગૃતિના કામો કરવામાં આવે છે. આજે આટલા વર્ષો મુસ્તુખાનનું ઘડતર થયું અને દારૂબંધી, વ્યસનમુક્તિ જેવા સમાજ સુધારણાના કામથી માંડી જંગલ બચાવવું, જેવા રચનાત્મક કામો કરતા જોવા મળતા આવ્યા છે.

**ઉપસંહારઃ**

ગ્રામ વિકાસનો ગાંધીવિચાર આધારિત નૂતન અને વધુ અસરકારક અભિગમ

મુસ્તુખાનભાઈ દ્વારા ગામ માં રહીને ગામ ના લોકો સાથે મળીને ગૃહઉદ્યોગ બાળકોને ભણાવવાનું અને લોકોને ખેતીમાં ઓછા ખર્ચે વધુ આવક મળે તે માટે ના માર્ગદર્શન આપ્યા બાળકો માટે ખાટીસીતરા અને આજુ બાજુના ગામના લોકોને રોજગારી મળી રહે તે માટે સ્વરોજગાર કેન્દ્ર પણ ચાલે છે. તેવા રચનાત્મક કાર્યો કરવામાં આવ્યા છે. તે શિક્ષણ પાણી જંગલ અને યુવાનો માં રોજગારી ની સવલતો ઉભી કરવાના પ્રયાસો દ્વારા કાર્યો કરે છે જે ગાંધીજીના સમય માં જોવા મળતા તે રચનાત્મક કાર્યો કર્મશિલ મુસ્તુખાનભાઈ દ્વારા જોવા મળતા આવે છે.

**સંદર્ભ**.

- મોદીરમણ(1977)-ર ચનાત્મક કાર્યક્રમનું સામાજિક દર્શન

- ભટ્ટ ચૈત્યન (2011)- (સંપાદન) નોખીમાટીના દીવડા

- ગાંધી મોહનદાસ કરમચંદ (1938) હિન્દ સ્વરાજ પ્રકાશન નવજીવન, અમદાવાદ